જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૭૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪ | ૪,૪૩,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ-

## ૨૦૧૯ થી પાસા અટકાયત ટાળવા સારૂ નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી શહેરકોટડા પોલીસ સ્ટેશન તથા મ.પો.કમિ શ્રી "ડી" ડીવીઝન સ્ટાફ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબ નાઓએ પાસા અટકાયત ટાળવા સારુ નાસતા ફરતા આરોપી પકડી પાડવા કરેલ સુચના આધારે તેમજ શ્રી સુશીલ અગ્રવાલ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા શ્રી હિતેષ ધાંધલ્યા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના તથા સુપરવિઝન આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારના પાસા વોન્ટેડ આરોપીઓ પકડી પાડવા સારુ મ.પો.કમિ શ્રી "ડી" ડીવીઝન કચેરી સ્ટાફ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર પર્સનલ સ્ટાફ નાઓની સંયુક્ત ટીમ બનાવી પાસા વોન્ટેડ આરોપીઓ પકડી પાડવા તજવીજ કરતા અ.પો.કો. ચિરાગકુમાર આણંદભાઇ બ.ન.૪૧૮૦ તથા અ.પો.કો. પરેશકુમાર રાજુભાઇ બ.ન.૩૮૬૬ નાઓએ સંયુક્ત બાતમી હકિકત આપેલ કે, સને-૨૦૧૯ થી પાસા અટકાયત ટાળવા સારૂ નાસતા ફરતા આરોપી રામકુમાર ઉર્ફે ટીલ્લુ સ/ઓ જગદીશભાઇ પરમાર રહે. કુંભાજીની ચાલી મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-કલ્લુ કા પુરા તા.બસીર જી-ધોલપુર રાજસ્થાન નાનો હાલમાં સુરત શહેર અમરોલી વિસ્તારમાં રહે છે તેમજ મો.નં-૮૫૨૯૬૩૭૮૩૨ નો ઉપયોગ કરે છે" જે બાતમી હકિકત આધારે સદરીના મોબાઇલ નંબરની ડીટેલ મેળવી સાથેના પો.કો. તુષારકુમાર મધુકર બ.ન.૬૨૧૩ નાઓએ ટેકનિકલ એનાલિસીસ કરી લોકેશનો મેળવતા સદરીના લોકેશનો સુરત શહેર અમરોલી વિસ્તારના આવતા હોય જે આધારે અ.હે.કો. હસમુખભાઇ કાનજીભાઇ બ.ન.૩૨૬૩ તથા અ.પો.કો. ચિરાગકુમાર આણંદભાઇ બ.ન.૪૧૮૦ તથા અ.પો.કો. તુષારકુમાર મધુકર બ.ન.૬૨૧૩ તથા અ.પો.કો. પરેશકુમાર રાજુભાઇ બ.ન.૩૮૬૬ નાઓની ટીમ બનાવી તાત્કાલિક સુરત શહેર ખાતે મોકલી આપતા તેઓ સુરત શહેર ખાતે તપાસ કરી ઉપરોક્ત પાસા અટકાયતી રામકુમાર ઉર્ફે ટીલ્લુ સ/ઓ જગદીશભાઇ પરમાર ઉ.વ.૨૯ હાલ રહે. રૂમ નં-૨૪ માલધારી સોસાયટી ચામુંડા રેસીડેન્સી અમરોલી સાઇન રોડ સુરત શહેર મુળ વતન ગામ-કલ્લુ કા પુરા તા.બસીર જી-ધોલપુર રાજસ્થાન નાને શોધી કાઢી પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૫૮૪/૨૦૧૯ તા.૨૨/૦૫/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૩૧/૦૫/૨૦૨૨ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર સુરત શહેર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**કામગીરી કરનાર::**

(૧) અ.હે.કો. રણવીરસિંહ દલપતસિંહ બ.ન.૫૧૮૨ (૨) અ.હે.કો. હસમુખભાઇ કાનજીભાઇ બ.ન.૩૨૬૩ (૩) અ.પો.કો. ચિરાગકુમાર આણંદભાઇ બ.ન.૪૧૮૦ (૪) અ.પો.કો. તુષારકુમાર મધુકર બ.ન.૬૨૧૩ (૫) અ.પો.કો. પરેશકુમાર રાજુભાઇ બ.ન.૩૮૬૬ (૬) અ.પો.કો.અજયભાઇ કક્કનભાઇ બ.ન.૫૯૫૬ (૭) અ.લોક રક્ષક કર્મરાજસિંહ કરણસિંહ બ.ન.૧૨૫૭૬ (૮) અ.લોક રક્ષક ઇન્દ્રજીતસિંહ ગભુભા બ.ન.૧૨૪૭૦ (૯) અ.લોક રક્ષક પ્રદીપસિંહ દીલીપસિંહ બ.ન.૧૩૦૧૧



## રાણીપ પોલીસ સ્ટેશન:-

## રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમોની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પ્રોહીબીશનની પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવુત્તી આચરતા પકડાયેલ આરોપણ (૧) રૂકશાનાબાનુ સત્તારભાઇ જાતે-સિંધી ઉ.વ.૩૨ ધંધો:ઘરકામ રહે:ઓઇલમીલના છાપરા બકરામંડી રાણીપ અમદાવાદ શહેર તથા (૨) શરીફાબાનુ હનીફભાઇ કુરેશી ઉ.વ.૪૯ ધંધો- ઘરકામ રહે:ઓઇલમીલના છાપરા બકરામંડી રાણીપ અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી /ડીટીએન/પાસા/૪૯૩/૨૦૨૨ તથા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૯૪ /૨૦૨૨ તા.૩૧/૦૫/૨૦૨૨ રોજથી હુકમ કરતા સદર આરોપણોને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૩૧/૦૫/૨૦૨૨ ના કલાક ૧૮/૩૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપણોને વડોદરા જેલ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**કામગીરી કરનાર કર્મચારી**

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧

(૨) અ.લો.ર.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૪૯૫ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૩ બીયરટીન, ૦૧ કાર અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૩/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૯૭૪/૨૦૨૨

**વસ્ત્રાપુરઃ** શ્રેયાબહેન નટરાજન (ઉ.વ.૨૫)(રહે. પુષ્પરાજ ટાવર બોડકદેવ) એ તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૨ સવારના ૧૧/૦૦ થી તા.૧૮/૦૪/૨૦૨૨ સાંજના ૪/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન શ્રેયાબહેનને એક પપી(ડૉગ) જોઇતુ હોય તેઓએ ફેસબુક ઉપર પપી રીક્વાયરમેંટ માટે પોસ્ટ કરેલ. જેથી ફેસબુક ઉપર પપીસ અને ડોગ અડોપ્શન માટે વોટ્સઅપ નંબર ૮૮૬૩૮૩૨૧૫૯ નો મેસેજ આવેલ. જે વોટ્સઅપ નંબર ઉપર શ્રેયાબહેને "પપી એડોપ્ટ કરવા માગે છે" તેવો મેસેજ મોકલતા સામેથી બે પપીનો વિડીયો મોકલતા, આ બે પપી ખરીદવાની તૈયારી બતાવતા મેસેજ કરનારે બે પપી કુલ રૂપિયા ૫,૦૦૦/- મા આપવાનુ જણાવી એડવાન્સ પેટે રૂપિયા ૨૫૫૦/-, તેમજ પપી માટે વેટ કસ્ટમમાં ઇન્ટર સ્ટેટ ડીસ્પ્લેસમેંટ સર્ટીફીકેટ બનાવવાના ખર્ચ માટે રૂપિયા ૨૦,૫૦૦/- ફોન-પે એકાઉન્ટ નંબર ૯૫૩૦૩૬૨૪૧૮ માં ટ્રાન્સફર કરવા જણાવતા, શ્રેયાબહેને ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨,૬૪,૩૦૦/- ઓનલાઇન સામેવાળાના ખાતામાં ટ્રાન્સફર કરવા છતા શ્રેયાબહેનને પપી(ડૉગ) ની ડીલીવરી નહી કરી તેમજ રૂપિયા પણ રીફંડ નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

**કાગડાપીઠઃ** કિશોરભાઇ નેમીચંદજી ચોપડા (ઉ.વ.૫૨)(રહે.ગ્રીન બ્લોસમ પ્રહલાદનગર) એ તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૧૯ થી તા.૩૧/૦૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ ક્લોથ માર્કેટ પ્રથમ માળે આવેલ કિશોરભાઇની દુકાન નંબર ૩૪૦ ખાતે આરોપી (૧) સુરેશ વહોરા અને (૨) ગૌરવ વહોરા (બંને રહે.મુળવતન રાજસ્થાન ગામઃ જસોલ જી-બાડમેર તજેસીલઃ પંચપદરા) એ ભેગામળી કિશોરભાઇને વિશ્વાસમાં લઇ, કિશોરભાઇની "સર્વોદય ફેબ ફર્મ" માંથી અલગ-અલગ બીલ થી ગ્રે કાપડનો માલ કિંમત રૂપિયા ૧,૩૩,૦૯,૮૨૨/- તેમજ બીજો ગ્રે કાપડનો માલ કિંમત રૂપિયા ૨,૦૫,૮૦,૩૨૧/- નો મેળવી લઇ તે માલ આરોપી (૩) આનંદ બાગરેચા "એચ.વન." નોર્થ મગરપટ્ટા ઇન્ટરનલ રોડ, હદાપસર પુણે મહારાષ્ટ્ર) નાને વેચાણ આપી, કિશોરભાઇએ રૂપિયાની માંગણી કરતા ત્રણેય આરોપીઓએ રૂપિયા નહી ચુકવી કિશોરભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૭૫/૨૦૨૨**

**નારોલઃ** રૂપેશભાઇ રમેશભાઇ શાહ(ઉ.વ.૫૫)(રહે.સુભાષ સોસાયટી ઇશ્વરભુવન પાસે નવરંગપુરા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી તા.૩૧/૦૫/૨૦૨૨ ના કલાક ૮/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન નારોલ નંદનવન હાઇટસ ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ રૂપેશભાઇની દુકાન નં-૪૯ નું શટર વાળી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી એલ.જી. કંપનીના એ.સી. નંગ-૦૭ કુલ કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**ઇસનપુરઃ** વિનોદકુમાર દિનેશભાઇ જૈન (ઉ.વ.૨૭)(રહે.જયવિમલ સોસાયટી, ઘોડાસર તળાવ પાસે, કેડીલા રોડ, ઘોડાસર) એ તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૨૯/૦૫/૨૦૨૨ ના કલાક ૩/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી અલગ-અલગ પાંચ મોબાઇલ ફોન કુલ કિંમત રૂપિયા ૬૨,૦૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાની વીંટી નંગ-૨ કિંમત રૂપિયા ૨૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૭૬/૨૦૨૨**

**રામોલઃ** વૈશાલી અનીલભાઇ પાટીલ (ઉ.વ.૨૫)(રહે.ગાયત્રીકુંજ સોસાયટી, રબારી કોલોની અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૨ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૧) નિલેષ રાજકરણસિંહ રાજપૂત (ઉ.વ.૩૧)(રહે.સોસાયટીની ચાલી, ન્યુ કોટન મીલ પાસે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૨ ના કલાક ૭/૨૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે એલિસબ્રિજ પાસે ઘાટ નંબર-૦૮ રીવરફ્રન્ટ વોક-વે ખાતે પોતાની જાતે નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૨) કમલેશ માંગીલાલ સરગરા (ઉ.વ.૪૩)(રહે.મહાજનનો વંડો, જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૨ ના કલાક ૧૦/૨૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે નવા બનતા ફુટબ્રીજ પાસે સીડી નંબર-૪૩ ઘાટ નંબર-૯ ખાતે પોતાની જાતે નદીમાં ઝંપલાવી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.